ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી
ચોથો માળ, સહયોગ સંકુલ,
સેક્ટર-૧૧, ગાંધીનગર – ૩૮૨૦૧૦
ટેલીફોન નંબર:- (૦૭૯)૨૩૨-૫૮૬૫૮
વેબ સાઈટ -:https://gujrera.gujarat.gov.in

# જાહેર નોટીસ

ધી રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એક્ટ, ૨૦૧૬ ની કલમ ૩(૧) ની જોગવાઈ મુજબ પ્રમોટર રેરામાં રજીસ્ટ્રેશન કરાવ્યાં વગર તેનાં પ્રોજેકટ નું વેચાણ, માર્કેટીંગ, જાહેરખબર, બુકીંગ કરી શકતા નથી કે વેચાણ લેવા માટેનું નિમંત્રણ આપી શકતાં નથી તથા કલમ-૧૧ (૨) મુજબ પ્રોજેકટની જાહેરાતમાં તથા પ્રોસ્પેકટસમાં રેરા રજીસ્ટ્રેશન નંબર તથા રેરા વેબસાઈટ દર્શાવી ફરજીયાત છે.

રેરા ઓથોરીટી દ્વારા રેરા રજિસ્ટર્ડ પ્રોજેક્ટ્સના જાહેરત માધ્યમો જેવા કે, સમાચારપત્રો પ્રિન્ટ અને ડિજિટલ મીડિયા,બ્રોશર અને પત્રિકાઓ, આઉટડોર પ્રચાર, ઓડિયો-વિઝ્યુઅલ મીડિયામાં જાહેરાત માટે માર્ગદર્શિકા અને રજીસ્ટ્રેશન નંબરના "ફોન્ટ-સાઇઝ" માટે તા.૩૧/૧૨/૨૦૧૮ના સર્ક્યુલર-૧૩ અને તા.૦૪/૦૧/૨૦૨૦ના સર્ક્યુલર-૧૮ થી દિશાનિર્દેશો કરવામાં આવેલ છે જેની વિગતો ગુજરાત રેરા પોર્ટલ પર ઉપલબ્ધ છે. <u>જે મુજબ "**RERA** રજીસ્ટ્રેશન નંબર અને વેબસાઈટ એડ્રેસની ફોન્ટ સાઈઝ ફરજિયાતપણે સૂચિત પ્રોજેક્ટની સંપર્ક વિગતોની બરાબર અથવા તેથી મોટી હોવી જોઈશે."</u>

આમ છતાં, અનુભવે જણાય છે કે પ્રોજેક્ટના પ્રમોટર-ડેવલપર દ્વારા વિવિધ માધ્યમો ઉપર રેરા રજીસ્ટ્રેશન નંબર તથા વેબસાઈટ દર્શાવ્યા વગર અથવા ઓથોરીટીના નિર્દેશો મુજબની "ફોન્ટ-સાઇઝ"ના નિયમોનો ભંગ કરીને પ્રોજેક્ટના વેચાણ અંગેની જાહેરખબર પ્રસિદ્ધ કરે છે <u>પરીણામે રેરા કાયદાની  કલમ ૧૧(૨) નો ભંગ થતો હોઇ, સંબંધિત પ્રમોટર રેરા કાયદાની કલમ -૬૧ મુજબ દંડનીય કાર્યવાહીને પાત્ર ઠરે છે જેની નોંધ લેવા વિનંતી છે.</u>

(માહિતી/૨૩૩૨/૨૨-૨૩)